સત્યમેવ જયતે

જા.નં.મકમ/પરિપત્ર/17-18/ ૬૨૪૩
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય,
ગાંધીનગર.તા.૨૬/ ૦૯ / ૨૦૧૭

---

## પરિપત્ર

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ હેઠળની જિલ્લા કચેરી ખાતે વર્ષ-૨૦૧૧માં આઉટસોર્સીંગથી કામગીરી કરતાં શ્રી મનોજ રાઠોડ(ખાનગી વ્યક્તિ) દ્વારા નિયામક,અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળની ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળની અંદાજે પર (બાવન) અરજીઓમાં સાધનિક કાગળો તેમજ અરજીની પુરતી ચકાસણી કર્યા સિવાય તેમજ કાગળો અધુરા હોવાં છતાં આવાસ યોજના અંગેની સહાય મંજુર કરવા અંગે ભલામણ કરતાં ખોટી ચુકવણી કરવામાં આવેલ, જેથી સરકારશ્રીને નાણાંકીય નુકશાન થયેલ હતું.શ્રી મનોજ રાઠોડ આઉટસોર્સીંગથી નિયુક્તિ થયેલ હતા તેમજ તેઓ દ્વારા તા.૦૬/૦૭/૨૦૧૪ના રોજ રાજીનામું આપી દીધેલ હતું.

૧. શ્રી મનોજ રાઠોડ ખાનગી વ્યક્તિ હોય નિયમ મુજબ તેઓ સામે ખાતાકીય રાહે તપાસ કરી શકાય તેમ નથી.

૨. આમ આથી જણાવવામાં આવે છે કે,નિયામક સમાજ સુરક્ષા હેઠળની તમામ જિલ્લાની કચેરીઓ તેમજ તમામ **સરકારી/ સ્વૈચ્છિક સંસ્થાઓને** આ નામની વ્યક્તિને આઉટસોર્સીંગથી નિમણુંક આપવામાં આવેલ હોય તો તેવી નિમણુંકનો તાત્કાલિક અસરથી અંત લાવી નોકરી ઉપરથી છુટા કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે તેમજ તેની જાણ અત્રેની જાણ હેઠળ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને તાત્કાલિક કરવા જણાવવામાં આવે છે. ભવિષ્યમાં પણ શ્રી મનોજ રાઠોડને આઉટસોર્સીંગથી રાખવામાં ન આવે તેની કાળજી રાખવા પણ આથી જણાવવામાં આવે છે.

3. વધુમાં આઉટસોર્સીંગથી જે વ્યક્તિને નિમણુંક આપવામાં આવેલ હોય, તેમને જે જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવેલ હોય તેની જ ફરજો બજાવવાની રહેશે અને કોઇ પણ જાતનો નાણાંકીય વધારાનો હવાલો આપવાનો રહેશે નહી તેમજ જો આ સુચનાના અમલમાં જો કોઈ ચુક થવા પામશે તો જવાબદાર સંબધિત અધિકારી સામે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોધ લેવી.

<u>પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે</u>

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગર

નકલ રવાના-
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને તેમજ જિલ્લા હસ્તકની તમામ સરકારી/ સ્વૈચ્છિક સંસ્થાઓને યોગ્ય કાર્યવાહી અર્થે

E:\ITR\Leave Permission.Docx